૩૧મી મેના દિવસે રાષ્ટ્રવ્યાપી બંધની હાકલ

નવી દિલ્હી,તા.૨૪

પેટ્રોલની કિંમતમાં કમરતોડ વધારો કરવામાં આવ્યા બાદ ભાજપના નેતૃત્વમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) દ્વારા સરકારને મુશ્કેલીમાં મુકવા અને પરિસ્થિતિનો સંપૂર્ણ લાભ ઉઠાવવા કમર કસી લેવામાં આવી છે. ભાવ વધારાના વિરોધમાં એનડીએ દ્વારા ૩૧મી મેના દિવસે રાષ્ટ્રવ્યાપી બંધની હાકલ કરવામાં આવી છે. આ નિર્ણયને સમર્થન આપતા એનડીએના કન્વીનર અને જનતાદળ યુનાઈટેડના પ્રમુખ શરદ યાદવે આજે કહ્યું હતું કે આ સંબંધમાં વિપક્ષી ગઠબંધનના તમામ ભાગીદારો સાથે વાતચીત થઈ ચુકી છે. ભારત બંધને ટેકો આપવા અન્ય પક્ષો સાથે પણ વાતચીત ચાલી રહી છે. પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો પેટ્રોલિયમ કંપની દ્વારા કરવામા આવ્યો છે. કારણ કે પેટ્રોલની કિંમત અંકુશમુક્ત કરવામાં આવી છે. તેવી સરકારની દલિલોને ફગાવતા યાદવે કહ્યું છે કે આ બાબત ગેરમાર્ગે દોરનાર છે. તેમણે પ્રશ્ન કર્યુ હતું કે પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો સંસદમાં કેમ જાહેર કરાયો ન હતો. ઓઈલ કંપનીઓએ આગલા દિવસે કેમ ભાવ વધારો કર્યો. યાદવે કહ્યું હતું કે સરકાર રાષ્ટ્રપતિની ચૂંટણી પુરી થયા બાદ

ડીઝલ અને એલપીજીના કિંમતમાં પણ વધારો કરશે. જરૂરી ચીજ વસ્તુઓના ભાવને ડામવામાં સંપૂર્ણ નિષ્ફળતાનો આક્ષેપ મુકીને જેડીયુના વડાએ કહ્યું હતું કે સરકાર તમામ મોર્ચે નિષ્ફળ ગઈ છે.

સામાન્ય લોકો યુપીએ સરકારની ખોટી નિતિના કારણે તકલીફ ઉઠાવી રહ્યા છે. જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ અવિરત વધી રહ્યા છે. જેથી સરેરાશ ભારતીયની લાઈફ ખૂબ જ મુશ્કેલરૂપ બની ગઈ છે. સરકાર અમીરલક્ષી વલણ અપનાવી રહી છે. મુખ્ય વિપક્ષે અર્થતંત્રને યોગ્ય રીતે આગળ ન વધારવાનો સરકાર પર આક્ષેપ કર્યો છે. એનડીએ ઉપરાંત ડાબેરી પક્ષો પણ ભાવ વધારાના વિરોધમાં બંધની હાકલમાં જોડાઈ ગયા છે. જેથી યૂપીએ સરકાર ઉપર દબાણ વધી ગયુ છે. ડાબેરી પક્ષોએ કહ્યુ છે કે ભાવ વધારો લોકો ઉપર બોજ સમાન છે. બંધની હાકલ ડાબેરી પક્ષોએ પણ કરી છે. તેઓ ૩૧મીના દિવસે ઓલ ઈન્ડિયા પ્રોટેસ ડે મનાવશે જેમાં હડતાળ, રિક્શા રોકો, અને રેલી હશે. એલડીએફ દ્વારા પણ અલગ રીતે બંધની હાકલ કરવામા આવી છે. આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા, ઓરિસ્સા અને અન્ય રાજ્યોમાં દેખાવોનો દોર શરૂ થઈ ગયો છે.

ભાવમાં વધારાથી સાથી પક્ષો નારાજ

નવી દિલ્હી,તા.૨૪

પેટ્રોલની કિંમતમાં કમરતોડ વધારો કરવામાં આવ્યા બાદ સાથી પક્ષોમાં પણ નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. યુપીએના સાથી પક્ષોનો આક્ષેપ છે કે કોઈપણ વધારો ઝીંકતા પહેલા તેમની સાથે કોઈ વાતચીત કરવામાં આવી નથી. ભાવ વધારાના લીધે યુપીએને આગામી દિવસોમાં રાજકીય પક્ષોની નારાજગીનો સામનો કરવો પડી શકે છે. ડીએમકે, તૃળમુળ કોંગ્રેસના સહિતના પક્ષો ભારે નારાજ દેખાઈ રહ્યા છે. આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ ભાવ વધારાના મામલે નાણામંત્રી પ્રણવ મુખર્જીને મળવાની ઈચ્છા વ્યકત કરી ચુકયા છે. લાલુ ભાવ વધારાને પરત ખેંચવા દબાળ લાવવાના મુડમાં દેખાઈ રહ્યા છે. બીજી બાજુ તમિલનાડુના ભુતપુર્વ મુખ્યમંત્રી અને ડીએમકેના વડા

કરૂણાનિધિ કહી ચુકયા છે કે આવા ભાવ વધારાના કારણે સામાન્ય લોકો પણ ભારે નારાજ દેખાઈ રહ્યા છે. અને આ નારાજગીનો સામનો યુપીએને ચોક્કસપણે કરવો પડશે. નિર્ણય લેવા પહેલા સાથી પક્ષો સાથે વાતચીત થવી જોઈએ. મમતા બેનર્જી ભારપૂર્વક સાથે આનાથી અર્થ તંત્ર સાથે ખોટા સંકેત જશે. જંગી ભાવ વધારો ઝીંકવાના સમય અંગે મમતાએ પ્રશ્નો ઉઠાવ્યા છે. મમતાએ કહ્યું છે કે તેઓ રાજકીય સ્થિરતાને જોખમમાં મુકી યુપીએ સાથે છેડો ફાડશે નહીં. મુલાયમસિંહનું કહેવું છે કે યુપીએ દ્વારા બીજી અવધિમાં ત્રણ વર્ષ પુરા કરાતા લોકોને ભેટ આપવામાં આવી છે.

સાથી પક્ષોને અંધારામાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જેથી ખુબ જ કમનસીબી બાબત છે. અત્રે ઉલ્લેખનીય છે કે

પેટ્રોલ પર ટેક્સમાં કાપ મુકવાની સરકારોને કોંગ્રેસની સ્પષ્ટ સૂચના

નવી દિલ્હી,તા.૨૪

પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ૭.૫૦નો વધારો ગઈકાલે કરી દેવામા આવ્યા બાદ લોકોને રાહત આપવાના હેતુસર કોંગ્રેસે તેની રાજય સરકારોને પેટ્રોલની કિંમત પર ટેક્સમાં કાપ મૂકવા આજે અપીલ કરી હતી. કોંગ્રેસની અપીલને ધ્યાનમાં લઈને કેરળ સરકારે પેટ્રોલ પર સેલ્સ ટેકસમાં લિટરદીઠ રૂપિયા ૧.૬૩ સુધીનો કાપ મુક્યો હતો. ઉત્તરાખંડ સરકારે પણ પેટ્રોલ ઉપર ૨૫ ટકા વેટ કાપની જાહેરાત કરી હતી. સંસદના બજેટ સત્રની પૂર્ણાહુતીના એક દિવસ બાદ જ ગઈકાલે પેટ્રોલની કિંમતમાં વધારો ઝીકી દેવામા આવ્યો હતો. યૂપીએ-૨ની સત્તામાં ત્રણ વર્ષની પૂર્ણાહુતી બાદ આ વધારો કરવામા આવ્યો છે. કોંગ્રેસની અપીલને જવાબ આપતા કેરળ સરકારે પેટ્રોલ ઉપર સેલ્સ ટેક્સ લિટરદીઠ રૂપિયા ૧.૬૩નો ઘટાડો કર્યો હતો. ઓઈલ માર્કેટીંગ કંપનીઓના આ નિર્ણયને બુધવારથી અમલી બનાવી દેવામા આવ્યો હતો. ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ હાલના સમયમાં સૌથી મોટો વધારો કર્યો હતો. અગાઉ લિટરદીઠ રૂપિયા પાંચનો વધારો કરવામા આવ્યો હતો. ઈન્ડસ્ટ્રી બોડી એસોચેમે કહ્યુ છે કે ભાવ વધારાથી અર્થતંત્રને વધુ નુકસાન થશે. નાણામંત્રી પ્રણવ મુખર્જી કહી ચુકયા છે કે આ નિર્ણય ઓઈલ કંપનીઓ દ્વારા લેવામા આવ્યો છે કારણ કે પેટ્રોલની કિંમતને પહેલાથી અંકુશ મુક્ત કરવામા આવી છે. એસોચેમે કહ્યુ છે કે આ પગલાથી ફુગાવામા વધારો થશે અને સામાન્ય લોકો પર બોજ વધી જશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પેટ્રોલની કિંમતમા વધારો કરવાથી સરકારની વધતી જતી નાણાકીય ખાદને પણ કોઈ મોટી રહાત થશે નહી. ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં ભાવ વધારાથી મોટો ફટકો પડશે. પહેલાથી મંદીનો સામનો કરી રહેલા ઈન્ડસ્ટ્રીને મોટો ફટકો પડશે. પેટ્રોલ કાર પહેલાથી જ વેચાઈ રહી નથી, રેકોર્ડ વધારાથી પરિસ્થિતિ વધુ વણસી જશે. ઈન્ડિયન ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર સોસાયટીના વરિષ્ઠ ડિરેક્ટર સુગાટો સેને આ મુજબની માહિતી આપી હતી.

મોટી ઉંમરના નેતાઓને નિવૃતિ લેવાની જરૂર છે

ગુના,તા. ૨૪

કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજય સિંહે આજે કહ્યુ હતુ કે આ ક્ષેત્રમાંથી નિવૃત થવા તેમની વયના રાજકારણીઓ માટેનો સમય આવી ગયો છે. દિગ્વિજય સિંહે તેમના પુત્ર જયવર્ધનની બીજી યાત્રાના સમાપન વેળા એક કાર્યક્રમમાં કહ્યુ હતુ કે તેઓ હવે નક્કર પણે માને છે કે તેમની વયના રાજકારણીઓ નિવૃત્તિ લઈ લેવી જોઈએ અને યુવાનોએ જવાબદારી લેવી જોઈએ. સિહેં કહ્યુ હતુ કે યુવાનોએ વધુ ઉત્સાહ પૂર્વક આગળ આવવાની જરૂર છે. દિગ્વિજય સિંહે એમ પણ કહ્યુ હતુ કે જો કોંગ્રેસ પાર્ટી તેમને ટિકિટ આપશે તો આગામી લોકસભાની ચૂંટણી લડશે તેમણએ ઉમેર્યુ હતુ કે વિધાનસભાની ચૂટણી લડવાની તેમની કોઈ યોજના નથી. તેમનો પુત્ર જયવર્ધન આગામી વર્ષે વિધાનસભાની ચૂટણી લડશે. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે જે રીતે હાલના સમયમાં મધ્ય પ્રદેશમાં ચારે બાજુ ભ્રષ્ટાચાર છે. તે જોતા ભાજપની પ્રતિષ્ઠા એકદમ નીચે જતી રહી છે. ભાજપના શાસનના આઠ વર્ષમાં વિકાસની પ્રવૃતિ અટકી પડી છે. કોઈપણ વિકાસનુ કામ જોવા મળી રહ્યુ નથી. દિગ્વિજય સિંહ વારંવાર બિન જરૂરી અને વિવાદાસ્પદ નિવેદન કરીને ચર્ચામા રહેવા માટે જાણીતા બનેલા છે. કોંગ્રેસને પણ તેમના નિવેદનના કારણે અનેક વખત ફટકો પડ્યો છે. દિગ્વિજય સિંહને નિવેદન ઉપર અંકુશ રાખવા અનેકવખત કોંગ્રેસ હાઈકમાન્ડે પણ સુચના આપી છે.

સેંસેક્સ ૨૭૪ પોઇન્ટ ઉછળી ૧૬૨૨૨ની ઉંચી સપાટીએ

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે કારોબારમાં તેજી જોવા મળી હતી. આ સપ્તાહમાં ત્રણ દિવસ સુધી ઘટાડો થયા બાદ આજે બેંચમાર્ક ઈન્ડેક્ષમા ંસુધારો થયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૨૭૪ પોઈન્ટ ઉછળી ૧૬૨૨૨ની ઉંચી સપાટીએ રહ્યો હતો. જયારે નિફટી ૮૬ પોઈન્ટ સુધરી ૪૯૨૧ની સપાટીએ રહ્યો હતો. સેંસેકસ અને નિફટી બંને ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૬૨૫૨ અને ૪૯૩૨ની સપાટી સુધી પહોંચ્યા હતા. વૈશ્વિક મોરચે એશિયન બજારમા મિશ્ર સ્થિતિ રહી હતી. જાપાનના નિક્કીમાં સરેરાશ સુધારો થયો હતો. ઘર આંગણે તમામ સેક્ટરલ ઈન્ડેક્ષ આજે તેજીમાં રહ્યા હતા. બીએસઈ બેંકેકસ અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષમાં બે ટકા સુધીનો સુધારો થયો હતો. મેટલ, પીએસયુ, ઓટો, કેપિટલ ગુડસ, પાવર, ટેકનોલોજી, રિયાલીટી અને હેલ્થ કરે જેવા કાઉન્ટરો પર સુધારો નોંધાયો હતો. આ તમામમાં આશરે એક ટકાનો સુધારો થયો હતો. બેંકિંગ અને ફાઈનાન્શિયલ સેકટરમાં વિશેષ સુધારો જોવા મળ્યો હતો. એટડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈમાં એકથી૪.૫ ટકા સુધીનો સુધારો થયો હતો. ઓએનજીસીમાં સૌથી વધુ છ ટકાનો સુધારો રહ્યો હતો. બુધવારના દિવસે પેટ્રોલની કિંમતના સરકારે વધારો કર્યા બાદ કંપન પર સબસિડી બોજ ઘટશે. ટેલિકોમની મહાકાય કંપની ભારતી એરટેલમાં પણ છ ટકાનો સુધારો થયો હતો. ભારતની સૌથી મોટી મોબાઈલ કંપની એરટેલે કહ્યુ છુ કે ક્વાલકોમમાં ૪૯ ટકા હિસ્સેદારી ખરીદવા એક સમજૂતી કરવામા આવી છે. આ સમજૂતી ૯૨૧ કરોડ રૂપિયામા થઈ છે. ઈન્ડેક્ષ હેવીવેઈટ રિલાયન્સ અને ઈન્ફોસિસમાં એક ટકાનો સુધારો થયો હતો. મોટાભાગના ઓટો શેર મંદીમાંથી રિકવર થયા હતા. અન્ય જે શેરમાં સુધારો જોવા મળ્યો હતો. તેમાં જેએસપીએલ, હિન્ડાલકો, વિપ્રો, સટરલાઈટ અને એનટીપીસીનો સમાવેશ થાય છે. બીએસઈ મીડકેપ અને સ્મોલકેપન ઈન્ડેક્ષમાં આશરે ૦.૮ ટકાનો સુધારો થયો હતો. કારોબાર દરમિયાન ૧૫૪૬ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૧૩૯ શેરમાં મંદી રહી હતી.

દિલ્હી-ચેન્નાઈ વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ થશે

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આવતીકાલે બીજી ક્વોલીફાઈન મેચમાં દિલ્હી ડેરડેવિલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. બંને ટીમો વચ્ચે આ મેચ ફાઈટ ટુ ફિનિશ સમાન રહેશે જેથી હારનાર ટીમ ઘર ભેગી થશે,. કોઈપણ ટીમ જોખમ લેવા તેયાર નથી. દિલ્હી ડેરડેવિલ્સ લીગ તબક્કામાં પોતાના દેખાવમાંથી બોધપાઠ લઈને આગળ વધવા ઈચ્છુક છે. બીજી બાજુ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ મુંબઈ ઈન્ડિયન્સને હાર આપ્યા વધુ ઉત્સાહિત દેખાઈ રહી છે. મહેન્દ્રસિંહ ધોની ઉપરાંત હસ્સી, સુરેશ રૈના, બ્રાવો, મોર્કેલ પણ શ્રેષ્ઠ દેખાવ કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. ૧૬ મેચોમાં લીગ તબક્કમાં ૧૧ જીત સાથે ટોપ ઉપર રહેલા ડેરડેવિલ્સને પ્રથમ ક્વોલીફાઈટમાં મંગળવારે પુણેમાં કોલકાતા નાઈટ રાઈડર્સે હાર આપી હતી. ડેરડેવિલ્સની ટીમ ખૂબ જ સારા દેખાવના મૂડમાં દેખાઈ રહી છે. વર્તમાન ચેમ્પિયન ચેન્નાઈ પણ લીગ તબક્કમાં સરેરાશ દેખાવ કર્યા બાદ સતત સારો દેખાવ કરી રહી છે. ધોનીએ છેલ્લી મેચમાં પોતાની ટીમને જીત અપાવી હતી. માઈક હસ્સી, ધોની, એસ બદ્રીનાથ, મુરલી વિજય છવાઈ જવા ઉત્સુક છે. ચેન્નાઈમાં સ્પીન વિભાગમાં રવીન્દ્ર અશ્વિન, રવીન્દ્ર જાડેજા છે. અશ્વિન અને જાડેજા ઉપરાંત મોર્કેલ, હિલ્ફેનહોસ, વાયને બ્રાવો ટીમની સફળતામાં ભૂમિકા ભજવી રહ્યા છે. દિલ્હી ડેરડેવિલ્સમાં કેવિન પીટરસન, જયવર્ધને, ઈરફાન પઠાન પણ છવાઈ જવા તૈયાર છે.

આદર્શ કાંડમાં અશોક ચવ્હાણ ૩૦મી જુને જુબાની આપવા તૈયાર

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રના ભુતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ યુટર્ન લઈને આજે આદર્શ હાઉસીંગ સોસાયટી કૌભાંડમાં તપાસ કરનાર બે સભ્યોના તપાસ પંચ સમક્ષ કહ્યું હતું કે તેઓ ૩૦મી જુનના દિવસે તપાસ પંચ સમક્ષ ઉપસ્થિત થવા માટે તૈયાર છે. અશોક ચવ્હાણ ૩૦મી જુનના દિવસે જુબાની આપવા માટે તેયાર થઈ ગયા છે. આદર્શ કેસમાં આરોપી રહેલા ચવ્હાણની ભુમિકામાં તપાસ કરવામાં આવી રહી છે. ચવ્હાણે જ્યુડિશિયલ પેનલ સમક્ષ અંગત હાજરીમાથી મુક્તીની માંગણી કરીને ૨૨મી મેના દિવસે રજુઆત કરી હતી. ૩૧ માળની ઈમારતને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. પોતાની અરજીમાં ભુતપૂર્વ મુખ્યમંત્રીએ

કહ્યું છે કે આ મુદ્દાઓ પર સરકારને પંચ તેનો અહેવાલ સુપ્રત કરી ચુક્યો છે. ચવ્હાણે અંગત હાજરીમાંથી મુક્તીની માંગણી કરી હતી. જસ્ટીસ (નિવૃત્ત) જેએ પાટીલના નેતૃત્વમાં પંચે ચવ્હાણની અરજીને સ્વિકારી લિધી હતી અને ૩૦મી જુને તેની સમક્ષ ઉપસ્થિત થવા માટે આદેશ કર્યો હતો. અંગત હાજરીમાંથી મુકતીની માંગ કરતી અગાઉની તેમની અરજીને ફગાવી દેવામાં આવી હતી. ચવ્હાણને અગાઉ ૨૩મી મેના દિવસે હાજર થવા માટે સૂચના આપવામાં આવી હતી. હવે કેન્દ્રીય પ્રધાનો વિલાસરાવ દેશમુખ અને સુશીલકુમાર શિન્દેના પુરાવા નોંધી લિધા બાદ જ ચવ્હાણ જુબાની આપશે. ગઈકાલે પંચે દેશમુખ અને શિન્દે સામે સમન્સ જારી કર્યું હતું. બન્ને ભુતપૂર્વ મુખ્યમંત્રી સામે ક્રમશઃ ૨૧-૨૨ અને ૨૫-૨૬ જુને હાજર થવા સમન્સ જારી કરાયા છે.

સંપતિ કેસ : આંધ્રના પ્રધાનની ધરપકડ થઇ

હૈદરાબાદ,તા.૨૪

ગેરકાયદે સંપતિ કેસના સંબંધમાં આંધ્રપ્રદેશના આબકારી પ્રધાન મોપીદેવી વેંકટરામનની સીબીઆઈ દ્વારા આજે ધરપકડ કરવામાં આવી હતી. વાયએસઆર કોંગ્રેસના નેતા વાયએસ જનગમોહન રેડ્ડી સંબંધીત

કેસમાં આંધ્રપ્રદેશના આ પ્રધાનની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ તેમની દિલખુશ ગેસ્ટહાઉસમાં આશરે છ કલાક સુધી સીબીઆઈના અધિકારીઓ દ્વારા આકરી પુછપરછ હાથ ધરવામાં આવી હતી. તપાસ સંસ્થાની કેમ્પ ઓફિસમાં તેમને હાજર થવા અગાઉ આદેશ કરવામાં આવ્યો હતો. પ્રધાનને પોર્ટ પ્રોજેક્ટ માટે વાનપીક કંપની બનાવવા જમીનની ફાળવણી અંગે પ્રશ્નો કરાવમાં આવ્યા હતા. જગનમોહનના નજીકના સાથીની ધરપકડ કરવામાં આવતા જગનમોહન ઉપર પણ દબાણ વધી ગયું છે. જગનમોહનને પણ આવતીકાલે હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. જેથી જગનમોહનના સમર્થકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

ભૂમિથી હવામાં પ્રહાર કરતી આકાશ મિસાઈલનુ સફળ પરીક્ષણ

બેલાસોર,તા.૨૪

એર ડિફેન્સ સીલ્ડને વધુ પ્રોત્સાહન આપી તથા ઓપરેશનલ અસરકારકતાને વધુ અસરકારક બનાવી ભારતે આજે સ્વદેશી રીતે વિકસિત કરવામા આવેલી જમીનથી હવામાં પ્રહાર કરતી આકાશ મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ હતુ. બેલાસોરથી આશરે ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત ચાંદીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજથી આ મિસાઈલનુ સફળ પરીક્ષણ

કરવામા આવ્યુ હતુ. ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈજેશન ડીઆરડીઓના અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે દેશની રુટિન એર ડિફેન્સ કવાયતના ભાગરૂપે મિસાઈલનુ સફળ પરીક્ષણ કરવામા આવ્યુ છે.

આકાશ મિસાઈલ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા સૂત્રોએ કહ્યુ છે કે તમામ પાસાઓની ચકાસણી કર્યા બાદ આ મિસાઈલનુ પરીક્ષણ કરવામા આવ્યુ હતુ. આકાશ મિસાઈલની રેંજ ૨૫ કિલોમીટરની છે. અને તે ૬૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકવા સક્ષમ છે. સવારે ૧૧.૮ વાગે આઈટીઆરના લોન્ચ સંકુલ-૩થી એક મોબાઈલ લોન્ચરથી આ મિસાઈલનુ પરીક્ષણ કરવામા આવ્યુ હતુ. ટ્રાયલ દરમિયાન આ મિસાઈલે એક તરતી વસ્તુનો પીછો કર્યો હતો. આકાશ એન્ટી એર કાફટ ડિફેન્સ સિસ્ટમના ભાગરૂપે છે. આકાશ મિસાઈલની તૈયારી દશકો જૂની છે. સંરક્ષણ નિષ્ણાંતે આકાશ મિસાઈલની સરખામણી અમેરિકન એમઆઈએમ-૧૦૪ પેટ્રીઓટ ભૂમિથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સાથે કરે છે. આકાશ મિસાઈલ ફાયટર જેટ, ફુજ મિસાઈલ, હવાથી જમીનમાં પ્રહાર કરતી મિસાઈલોને ટાર્ગેટ બનાવી શકે છે.

વર્ષ ૨૦૧૪ની ચૂંટણી પહેલા વધુ મજબૂત બનવાની જરૂર

મુંબઈ,તા. ૨૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હાજરીમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની મીટિંગ આજે શરૂ થઈ હતી. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા ભારતના જુદા જુદા ભાગોમાં તેમની હિસ્સેદારીને વધુ મજબૂત બનાવવા ભાજપે અનુરોધ કર્યો છે. પક્ષ પ્રમુખ નીતિન ગડકરી બીજી વખત ભાજપ પ્રમુખ બનવાની તેયારી કરી ચુકયા છે. પક્ષની રાષ્ટ્રીય કારોબારીની મીટિંગમાં તેમના પ્રમુખ તરીકેના સંબોધન દરમિયાન ગડકરીએ કહ્યુ હતુ કે પક્ષને વધુ મજબૂત બનાવાની જરૂર છે. કોંગ્રેસે ઘણી બધી સમસ્યા સર્જી છે. ભાજપ આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢશે. એનડીએના વિસ્તરણ, ભાજપની મતહિસ્સેદારીમાં દસ ટકા સુધીનો વધારો કરવા અને ગરીબ, વંચિત, આદિવાસી, દલીત અને લઘુમતીઓમાં નેટવર્કને વધુ મજબૂત કરવાની તેમણે જાહેરાત કરી હતી. ગડકરીએ કહ્યુ હતુ કે ભાજપ સર્વશ્રેષ્ઠ વિકલ્પ છે. દેશના લોકોની

તેના પર નજર છે. પરંતુ લોકો જેના પર નજર રાખી રહ્યા છે તે ભાજપે વધુ પાંચ કટિબદ્ધતા ઉપર ધ્યાન આપવાની જરૂર છે. જેમાં મજબૂત, સક્ષમ અને વિશ્વસનીય નેતાગીરી સામેલ છે. ગડકરીએ એમ પણ કહ્યુ હતુ કે કોંગ્રેસે એક પછી એક સમસ્યા સર્જી છે. લોકોના સમર્થન સાથે તમામ નિર્ણય પારદર્શકતા સાથે અમલી બનાવવા તેઓએ અપીલ કરી હતી. રાષ્ટ્રવાદ, યોગ્ય સંચાલન, વિકાસ, ગરીબોના જીવન ધોરણને સુધારવા અંગે કટિબદ્ધતાનો તેઓએ કહ્યુ હતુ. ભાજપ વડાએ કહ્યુ હતુ કે કેન્દ્રમાં કોંગ્રેસના નેતૃત્વમાં યૂપીએ સરકારને અસ્થિર કરવાના ક્યારે પણ પ્રયા કરવામા આવ્યા નથી. પરંતુ યૂપીએ સરકાર પોતાની રીતે જ ગબડી પડશે. ગડકરીએ કહ્યુ હતુ કે પ્રાદેશિક પક્ષોની સંખ્યા વધી રહી છે. જેથી મજબૂત ગઠબંધન બનાવાની જરૂર છે. ભ્રષ્ટાચારના મામલે તેઓએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. ગડકરીએ દાવો કર્યો હતો કે ભારતની સમસ્યાનો મુખ્ય કારણ યુરોઝોન નથી બલ્કે યૂપીએ ઝોન છે. વાસ્તવિકતા એ છે કે લોકોને ગેરમાર્ગે દોરવામા આવી રહ્યા છે. યૂપીએ સરકારના ગેર શાસનના કારણે કેન્દ્ર અને રાજય વચ્ચેના સંબંધો સતત વણસી રહ્યા છે.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

સાચા જવાબો :-

(૫૬) ૪૨ (૨૬) ૬ (૬૬) ૬ (૨૬) ૪૨ (૬૬) ૪૨ (૦૬) ૧૦ (૭) ૬ (૭) ૧૦ (૭) ૬ (૬) ૪૨ (૫) ૪૨ (૨) ૬ (૬) ૧૦ (૨) ૬ (૬)

૮૦૦૦ કિમી રેન્જની મિસાઈલ બનાવાશે

બેંગ્લોર,તા.૨૪

ભારત ૮૦૦૦ કિલોમીટરથી પણ વધુની રેન્જ ધરાવતી મિસાઈલનું પરીક્ષણ કરી શકે છે. ભારત વધારે રેન્જ ધરાવતી મિસાઈલો વિકસીત કરવામાં સંપૂર્ણ પણે સક્ષમ છે. સંરક્ષણ પ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર વીકે સારસ્વરએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે અમે અગ્નિ-૫ મિસાઈલ કરતા પણ વધુ રેન્જની મિસાઈલો વિકસીત કરવા માટે તૈયાર છિએ ભારત આમા સક્ષમ પણ છે. વધારે ક્ષમતા સાથે સિસ્ટમ બનાવવાની ટેકનોલોજી ડીઆરડીઓ દ્વારા વિકસીત કરી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા મહિનામાં ભારતે અગ્નિ-૫ ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટીક મિસાઈલનું પરિક્ષણ કર્યું હતું.

આરુષિ હત્યા કેસમાં તલવાર દંપત્તિ સામે આરોપો ઘડાયા

ગાજિયાબાદ,તા. ૨૪

ગાજિયાબાદની કોર્ટે સનસનાટી પૂર્ણ આરુષિ-હેમરજ હત્યાકેસના સંબંધમાં ડેન્ટીસ્ટ દંપત્તિ રાજેશ તલવાર અને નૂપુર તલાવરના સામે આરોપો ઘડવાનો આદેશ કર્યો હતો. આની સાથે જ તલવાર દંપત્તિ ઉપર સંકજો મજબૂત કરવામા આવ્યો છે. આરુષિ કેસમાં તલવાર દંપત્તિ પર હત્યાના આરોપો પણ મુકવામા આવ્યા છે. બંધ બારણે તલવારની હાજરીમાં કોર્ટે આરોપો ઘડ્યા હતા. રાજેશ તલવાર કોર્ટને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરશે. ખોટી એફઆઈઆર દાખલ કરવા બદલ તલવાર સામે વધારાના ચાર્જ પણ ઘડવામા આવ્યા છે. આરુષ-હેમરજ હત્યાકેસમા આરોપો ઘડવા અંગે દલીલો બુધવારના દિવસે પૂરી કરી દેવામા આવી હતી. રાજેશ અને નૂપુર તલવારના વકીલે ગાજિયાબાદ સેશન કોર્ટમાં સીબીઆઈના આરોપોને રદિયો આપ્યો હતો. સીબીઆઈના વકીલ આરકે સેનીએ મંગળવારના દિવસે ચાર વર્ષ જુના ડબલ મર્ડર કેસમાં તલવાર દંપત્તિ સામે આરોપો ઘડવાની માંગ કરી હતી. પુરાવા પણ રજૂ કરવામા આવ્યા હતા. સંજોગના પુરાવા, સાક્ષીઓના નિવેદન અને છેલ્લી થીયરી પણ રજૂ કરવામા આવી હતી. ૧૬મી મેના દિવસે કોર્ટે સોમવાર સુધી સુનાવણી મોકૂફ કરી દીધી હતી. આરુષિના માતા-પિતાને દસ્તાવેજો આપવા સીબીઆઈને મંજૂરી આપવામા આવી હતી. સેશન કોર્ટે બનાવમાં ચાર વર્ષ બાદ ૧૧મી મેના દિવસે ટ્રાયલ શરૂ કરી હતી. ૧૬મી મેના દિવસે સુપ્રીમ કોર્ટે નૂપુર તલવારની અરજી પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. જેમાં છઠ્ઠી જાન્યુઆરીના તેના આદેશની સમીક્ષા કરવાની માંગ કરવામા આવી હતી.આ આદેશમાં બંનેને કડક સૂચના આપવામા આવી હતી. સીબીઆઈએ ડિસેમ્બર ૨૦૧૦માં ક્લોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો . આ અહેવાલ ગાજિયાબાદમાં મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો.તલવાર હત્યા, કાવતરા અને પુરાવાના નાસ કરવાના સામનો કરી રહ્યા છે. આરુષિ ૧૬મી મે ૨૦૦૮ના દિવસે નોયડાના નિવાસ્થાને મૃત હાલતમાં મળી આવી હતી.